જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૯/૦૮/૨૦૧૮ ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૨૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૩,૫૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૨૮/૧૮**

**સોલા હાઇકોર્ટ** : દિપેનભાઇ પિયુશભાઇ શાહ(રહે,તીર્થરાજ વિભાગ-૪ નરોડા મુક્તિધામની સામે નરોડા) એ તા.૮/૮/૧૮ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૫/૧૮ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે થલતેજ સુરધારા સર્કલ પાસે આવેલ ઓપન લેંડ અમુલ પાર્લર સામે આવેલ પાર્કીંગવાળી જગ્યાએ થી આરોપી હરીઓમ બાસુદેવ સાકિયા (રહે,અયોધ્યાનગર પુષ્પાંજલી સ્કુલ પાસે રામોલ. મુળ રહે, ગામ- રેંકા પોસ્ટ-બગોરા તા-મહેગાવ જી. ભીંડ મધ્યપ્રદેશ) નાએ દિપેનભાઇને વિશ્વાસમાં લઇ, સેલ્ફ ડ્રાઇવ કરવાના બહાને દિપેનભાઇની ક્રિએટા ગાડી નંબર કે.એ.૦૧.એ.એચ.૨૭૧૫ કિંમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- લઇ જઇ પરત નહિ કરી, દિપેનભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**સરખેજ** : જૈમીનભાઇ કનુભાઇ પટેલ (ઉ.વ.૩૪)(ધંધો-ગાડી લે-વેચનો) (રહે, ગાલા આરીયા ફ્લેટ, સોબો સેન્ટરની બાજુમાં સાઉથ બોપલ) એ તા.૮/૮/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમિત વિત વિશ્ર્વાકર્મા અને (૨) બ્લેક કી-બોર્ડ સોફટવેર પ્રા.લી. ના ડાયરેકટર શ્રી સંધબરન સુસાંતકુમાર (રહે,સેકટર સેકન્ડ લોર સોલ્ટ નોર્થ-૨૪ પ્રગનાથ વેસ્ટ બંગાળ) ભેગામળી એસ.જી.હાઈવે દિવ્ય ભાસ્કરની સામે આવેલ કાર એકસચેન્જ નામની ઓફીસ ખાતેથી ઓડી કાર Q3 કાર નંબર WB-02-AF-6461 ઉપર રૂપીયા ૧૯,૫૦,૦૦૦/- ની લોન ભરવાની બાકી હોવા છતા રૂપીયા ૧૩,૫૦,૦૦૦/- માં વેચાણ આપી, જૈમીનભાઇ ને કલકતા આર.ટી.ઓ.નુ ખોટુ એન.ઓ.સી. આપી, જૈમીનભાઇના ગ્રાહક મીનાબેનના નામે ગાડી નહીં કરી આપી, વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરી છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.સોનારા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૫૨૯/૧૮**

**ઘાટલોડીયા** : પુષ્પાબેન ખેમચંદ સોલંકી (ઉ.વ.૬૨)(રહે,શ્રધ્ધાદીપ કોમ્પલેક્ષ શાસ્ત્રીનગર)એ તા.૮/૮/૧૮ નારોજ ઘાટ્લોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૮/૧૮ ના કલાક ૧૧/૧૫ થી તા.૭/૮/૧૮ કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ એપલ કંપનીનુ ટેબલેટ મળી કુલ રૂપિયા ૧,૦૫,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એન.પરમાર ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૩૦/૧૮**

**ગુજરાત યુનિવર્સીટી** : જયુનભાઇ મનિષભાઇ જોષી (રહે,જગત જનની સોસાયટી ગુલબાઇ ટેકરા આંબાવાડી) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૧૮ રાતના ૮/૪૫ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ઠાકોર ચલાવે છે.

**પર્સ ખેંચી ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૩૧/૧૮**

**નરોડા** : જયતિકાબહેન વા/ઓ ભાવેશભાઈ પટેલ (ઉ.વ.૩૩)(રહે,શ્રીનાથ કલાસીક સોસાયટી કોરલ બંગ્લોઝ ની પાછળ નાના ચીલોડા નરોડા) તા.૦૮/૦૮/૧૮ ના કલાક ૧૨/૧૦ વાગ્યાના સુમારે નાના ચીલોડા નરોડા શિખર નામની નવી બનતી સાઈડ નજીક ચાર રસ્તા પાસે રોડ ઉપરથી ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ જયતિકાબહેન પાસેનું પર્સ કે જેમાં બે મોબાઈલ ફોન કુલ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૨૦,૧૦૦/- તથા પરચુરણ વસ્તુ મુકેલ હતી તે પર્સ ખેંચી ઝૂંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જયતિકાબહેન પટેલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.ડાભી ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૫૩૨/૧૮**

**કૃષ્ણનગર** : અલ્પાબેન ડો/ઓ હરગોવનભાઇ પંચાલ (ઉ.વ.૩૦)(રહે,છપૈયાધામ રો-હાઉસ સહજાનંદ સ્કુલની બાજુમાં નવા નરોડા) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૧૮ સાંજના ૪/૦૦ થી ૬/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.ચૌહાણ ચલાવે છે.

**નિકોલ** : શર્મીલાબેન વા/ઓ પ્રમોદભાઇ પટેલ (ઉ.વ.૩૭)(રહે,અક્ષર રેસીડન્સી ગંગોત્રી બંગ્લોઝ પાસે, નિકોલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૬/૦૮/૧૮ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે અનાજ માં નાખવાની દવા પાણી સાથે પી જતા, શરીરે અસર થતા સારવાર માટે તેમને પ્રથમ પામ હોસ્પીટલ અને તા.૭/૮/૧૮ ના રોજ રૂગ્વેદ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૮/૮/૧૮ ના કલાક ૪/૧૦ વાગે ફરજ પર ના ડો.શ્રી એ શર્મીલાબહેનને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.